## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




ગુરૂજી આ લોકો બધા કાર્ડ અલગ અલગ આપે છે અને પછી ભેગા કરવાનું કહે છે... તો એ લોકો ભેગા કરી ને જ કેમ આપતા નથી....

# આઈઆઈટીના વિદ્યાર્થીનો ટ્રેન નીચે પડતુ મુકી આપઘાત

**વિદ્યાર્થી સેમેસ્ટર-૪માં અભ્યાસ કરતો હતો, યુવક જામખંભાળીયાનો વતની હતો, સે-૧૪માં ભાડાના મકાનમાં રહેતો હતો**





ગાંધીનગર, તા.૨૦

શહેરના રેલ્વે સ્ટેશન નજીક આઈઆઈટીના વિદ્યાર્થીએ ટ્રેન નીચે પડતુ મુકી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. સેમેસ્ટર-૪ માં અભ્યાસ કરતા ૧૯ વર્ષિય આશાસ્પદ વિદ્યાર્થીએ અચાનક જીવન ટુંકાવી દેતા કેમ્પસમાં સન્નાટો વ્યાપી ગયો છે. બનાવની જાણ થતા પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. ઘટના અંગે રેલ્વે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરની આઈઆઈટીઈ કોલેજના સેમેસ્ટર-૪ માં૧૯ વર્ષિય કેશવ સંદિપભાઈ ખેતીયા અભ્યાસ કરતો હતો. કેશળ ખેતીયા મુળ જામ ખંભાળીયાના દેવભુમી દ્વારકાનો વતની હતો. તે છેલ્લા કેટલાક સમયથી સેકટર-૧૪ ખાતે ભાડાના મકાનમાં રહીને આઈઆઈટીમાં અભ્યાસ કરતો હતો. આજે ગાંધીનગર રેલ્વે સ્ટેશનથી નજીકના અંતરે ચાલીને જઈ રહેલા વિદ્યાર્થીએ દિલ્હી મેલ ટ્રેન નીચે પડતુ મુકી દેતા કેશવનુ કમકમાટીભર્યુ મોત નિપજયું હતું. બનાવની જાણ થતા ઘટના સ્થળે વિદ્યાર્થીઓ મોટીસંખ્યામાં ઉમટી પડ્યા હતા. જયારે કેશવના મૃત્યુના સમાચારને લઈ કેમ્પસ પણ સુમસામ બની ગયું હતું. બનાવને પગલે રેલ્વે પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. જયારે સ્થાનિક કોર્પોરેટર પણ બનાવની જાણ થતા ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ગાંધીનગર સિવિલ ખાતે યુવકના મૃતદેહનુ પોસ્ટમોર્ટમ પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જયારે સાથી વિદ્યાર્થીઓની વાતચીતમાં કેશવ પરિક્ષામાં નાપાસ થયો હોવાનું ચર્ચાઈ રહ્યું હતું. જયારે વિદ્યાર્થીના પરિવારને બનાવની જાણ કરી દેવામાં આવી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં કાચી કેરીની ડિમાન્ડ વધવા પામી છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની અપીલ સમિતિની બેઠક આજે યોજાશે.
- ગાંધીનગર શહેરમાં ગરમીના પ્રકોપને લઈ પેયજળની ડિમાન્ડ પણ વધવા પામી છે.
- વીરાતલાવડી ગામે યુવાને મંદિરની બાજુમાં પાર્ક કરેલુ બાઈક ગઠિયો ચોરી ફરાર થતાં ગ્રામજનોમાં ભયની લાગણી પ્રસરી છે.
- માણસામાં પોલીસે એક ઈસમને વિદેશી દારૂની બોટલો સહિત ઝડપી લીધો.
- કલોલના બિલેશ્વરપુરા ગામે સામાન્ય બાબતે બે શખ્સોએ બે મહિલાને માર માર્યો.
- કલોલ રેલ્વે પૂર્વ વિસ્તારમાં જુગાર રમતા બે ઈસમોને પોલીસે દબોચી લીધા.
- ગાંધીનગરના મહુન્દ્રા ગામે ગામતળના મકાનના પ્રોપર્ટી કાર્ડની વહેંચણી કરાઈ.
- જીલ્લા રજીસ્ટ્રાર તથા એડીસી બેંકના સંયુક્ત ઉપક્રમે સેવા સહકારી મંડળીના સેક્રેટરીઓનો શૈક્ષણિક સેમિનાર ચિલોડા મંડળી ખાતે યોજાયો હતો.
- ગાંધીનગરમાં મોબાઈલ ફોન ચોરી કરનાર પાંચ ઈસમો ઝડપાયા.
- સે. ૨૮ સરકારી ઈજનેરી કોલેજમાં વિદ્યાર્થીઓ માટે માઈન્ડ ટુ માર્કેટ એન્ડ સ્ટાર્ટ અપ ડેમો ડે વિશે માર્ગદર્શન કેમ્પનું આયોજન કરાયુ હતુ.
- દહેગામના શિયાવાડા ગામે પ્રાકૃતિક ખેતી અંગે રાત્રિસભાનું આયોજન કરાયુ હતુ.
- જિલ્લા આરોગ્યતંત્રમાં પી.એમ.જે.વાય.ને લઈ આજે ખાસ બેઠક યોજવામાં આવી હતી.
- જિલ્લામાં સોનાના ભાવ વધતાં લગ્નસરાને લઈ પરિવારોની ચિંતા વધી છે.
- કલોલ જાયન્ટસ્ ગૃપ દ્વારા બોરીણામાં પાણીની પરબ શરૂ કરાઈ.
- ગાંધીનગર શહેરના જાહેર સ્થાનો પર પાર્કિંગની સમસ્યા વિકરાળ બની રહી છે.
- ગાંધીનગરની સરકારી કચેરીઓમાં પણ હવે ગટર ઉભરાવવાની સમસ્યા ઘેરી બની રહી છે.
- ગાંધીનગર શહેરના મહત્વના માર્ગો પર ચાલી રહેલ મેટ્રોના કામને લઈ આ માર્ગો પર અંધારપટની સ્થિતિ થતાં લોકજીભે મુદ્દો ચર્ચાઈ રહ્યો છે.

## કોબા પાસે ટેમ્પો-એકટીવા વચ્ચે અકસ્માતમાં મહિલાને ઈજા

ગાંધીનગર, તા.૨૦

અમીયાપુર ગામની સીમમાં ચંદ્રાવતી ફાર્મથી આવતા કટ પાસે એકટીવા-ટેમ્પા વચ્ચે અકસ્માત સર્જાયો હતો.જેમાં એકટીવા પરથી નીચે પડી ગયેલા મહિલાને માથાના ભાગે ઈજા તેમજ હાથે ફ્રેકચર થયું હોવાનું સામે આવ્યું છે.ત્યારે મહિલાએ ટેમ્પા ચાલક સામે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ હાંસોલ ખાતે રહેતા નીતાબેન ચંદરભાઈ હરપાલાણો અંબાપુર ખાતે ડીપીએસમાં ૧૨ વર્ષથી શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે.

તેણી નોકરી આવનજાવન તેમજ રોજીંદા વપરાશ માટે એકટીવા નં. જી.જે.૦૧.એલ.ડી.-૪૧૪૦ છે. ગઈકાલે સવારના સાત વાગે ઘરેથી નીકળી કોબા સર્કલ થી ડીપીએસ તરફ એકટીવા લઈ જઈ રહ્યા હતા. તે સમયે ચંદ્રાવતી ફાર્મ જવાના કટ પાસે પહોંચતા એકટીવા-ટેમ્પા વચ્ચે અકસ્માત થયો હતો. તેમાં પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ટેમ્પા નં. જી.જે.૧૮.બી.ટી.-૬૮૧૭ એ એકટીવાને ટક્કર મારતા મહિલા નીચે પડી જતા ૧૦૮ દ્વારા સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા. જયા મહિલાની પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલ લઈ ગયા હતા.

જયાં મહિલાને ડાબા હાથે ફ્રેકચર અને કપાળના ભાગે ઈજા સહિત શરીરે વધતી ઓછી ઈજા થઈ છે. બનાવ અંગે મહિલાએ ટેમ્પો ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ભાવસાર મિત્ર મંડળ ટ્રસ્ટનો વાર્ષિક કાર્યક્રમ ૩૦મી એ યોજાશે

ગાંધીનગર, તા.૨૦

ભાવસાર મિત્ર મંડળ ટ્રસ્ટ, ગાંધીનગરના વાર્ષિક કાર્યક્રમ નું આયોજન તારીખ ૩૦ એપ્રિલ ને રવિવારે સવારે ૧૦ કલાકેજુના સચિવાલય કેન્ટીન ખાતે કરવામાં આવ્યું છે.

આ વર્ષ શૈક્ષણિક પારિતોષિક વિતરણ સાંસ્કૃતિક કાર્યક્રમ નિવૃત્ત પામેલા તેમજ બઢતી પામેલા કર્મચારીઓનું સન્માન તથા મહાપ્રસાદનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માં પ્રથમ અને બીજા ક્રમાંકે આવેલ વિદ્યાર્થીઓને યોગ્ય ઈનામો આપવામાં આવશે.વધુ માહિતી માટે ૯૪૨૯૩૬૭૦૨૮ ફોન નંબર પર સંપર્ક કરવા જણાવ્યું હતું. આ કાર્યક્રમ માં સૌને સપરિવાર પધારવા આમત્રણ પાઠવ્યું હતું.

## શહેરના ચ-૬ સર્કલ પાસે ક્રેટા-ઈકો વચ્ચે અકસ્માત

**ચાલીને જઈ રહેલા યુવકને ક્રેટા ગાડી ફંગોળાઈને અથડાતા ઈજાગ્રસ્ત**

ગાંધીનગર, તા.૨૦

શહેરના ચ-૬ સર્કલ પાસે ઈકો અને ક્રેટા વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં ક્રેટા ગાડી ફંગોળાઈને ચાલીને જઈ રહેલા યુવકને ટકરાતા ઈજા પહોંચી હતી.

આ અકસ્માતમાં યુવકને માથાના ભાગે તેમજ કમરના ભાગે ઈજા પહોંચતા ૧૦૮ દ્વારા સારવાર માટે ખસેડાયો હતો. બનાવ અંગે યુવકે ગાડી ચાલક સામે ફરીયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ ભિલોડાના ચોરીમાલા ગામના વિજય કાંતિભાઈ ગામીતી છેલ્લા એક વર્ષથી પેથાપુર નિલકંઠ વિલા ખાતે માસીના ઘરે રહે છે અને સેકટર-૨૧ પેન્ટાલુન ખાતે હેલ્પર તરીકે ફરજ બજાવે છે. ત્યારે યુવક ગત તા.૧૬ ના રોજ બપોરના ૧૨ વાગ્યાના અરસામાં ચ-૬ સર્કલથી ચાલીને જઈ રહ્યો હતો. તે સમયે મારૂતિ ઈકો ગાડી નં.જી. જે.૦૨.ડી.ઈ.-૪૬૯૮ તેમજ ક્રેટા ગાડી નં. જી.જે. ૧૮.બી.ઈ.-૯૫૬૯ ના ચાલકોએ પોતાની ગાડીઓ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી એકબીજાને ટક્કર મારી અકસ્માત સર્જાયો હતો.

જેમાં ક્રેટા ગાડી ફંગોળાઈને ચાલીને જઈ રહેલા યુવકને અથડાતા તે નીચે પડી ગયો હતો.

યુવકને શરીરે માથાના ભાગે ઈજા પહોંચતા એકઠા થયેલા રાહદારીઓએ ૧૦૮ને બોલાવી લીધી હતી.

યુવકને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડવામાં આવ્યો હતો.

જયાં યુવકને સારવાર દરમિયાન માથાના ભાગે તેમજ કમરના ભાગે ફ્રેકચર થયું હોવાનું નિદાન થયું હતું. ત્યારબાદ યુવકે બંને ગાડીના ચાલક સામે સેકટર-૨૧ પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

## ડેપોમાંથી ચોરી થયેલા બે મોબાઈલ સાથે પાંચ શખ્સને અમરાઈવાડી પોલીસે ઝડપ્યા

ગાંધીનગર, તા.૨૦

બે ચોરી કરેલા મોબાઈલ સાથે પાંચ શખ્સોને અમરાઈવાડી પોલીસે દબોચી લીધા છે. ત્યારે પોલીસની પુછપરછમાં શખ્સો પાસેથી મળી આવેલા મોબાઈલ ગાંધીનગર ડેપોમાંથી ચોરી કરેલા હોવાનું સામે આવ્યું હતું. જેથી શહેરના વડીલે સેકટર-૭ પોલીસ મથકે પાંચ શખ્સો સામે ગુનો નોંધાવ્યો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૬ ગ્રીનસીટી ખાતે રહેતા પ્રવિણકુમાર ચીમનલાલ રાવલ પરિવાર સાથે નૃિવત જીવન ગુજારે છે. ગત તા.૫ એપ્રિલના રોજ તેઓ સવારના સાડા આઠ વાગે ગાંધીનગર ડેપોના પ્લેટફોર્મ નં.૬ પરથી કપડવંજ થી કાસવા જતી બસમાં બેસવા જતા સમયે તેમની પાસે રહેલો રેડમી-૧૧ એકસ મોબાઈલ ફોનની ચોરી થઈ હતી. જેથી વડીલ બસમાંથી નીચે ઉતરી આસપાસમાં તપાસ કરી હતી.પરંતુ મોબાઈલ મળી આવ્યો ન હતો. જેથી મોબાઈલ ચોરી થઈ કે ક્યાંક પડી ગયો હશે તેમ માની ફરીયાદ આપી ન હતી.પરંતુ મોબાઈલનો દુરઉપયોગ ન થાય તે માટે પોલીસ મથકે મોબાઈલ ગુમ થવાની અરજી આપી હતી. જેને પગલે ગત તા.૧૭ ના રોજ વડીલનો અમરાઈવાડી પોલીસ મથકે થી ફોન આવ્યો હતો. પોલીસે પાંચ શખ્સોને ચોરીના બે મોબાઈલ સાથે પકડી પાડ્યા હતા. જેમાં પ્રવિણકુમારનો ચોરી થયેલ મોબાઈલ ફોન આરોપી મહંમદ જહીરદુન ઈસ્માલ શહીરુદીન શેખ (ઉં.૩૦ રહે રબારી કોલોની ગેટ નં.૨ ની અંદર અમથાભાઈ અખીભાઈ રબારીના મકાન નં-૪ માં મેટ્રો સ્ટેશન પાસે મુળ રહે મારુયાબાદ કુઠી કાલીયાચર અલીપુર જી માલદા વેસ્ટ બંગાલ), જીતેન્દ્ર છોટેલાલ સહાની (ઉં.૨૮ અમદાવાદ શહેર મુળ વતન મહરાજપુર બાજારથાના તેલજાડી જી સાહેબગંજ ઝારખંડ), ટીકુકુમાર ગુંદન ચૌધરી (ઉં.૨૩ રહે રબારી કોલોની ગેટ નં-૨ અમથાભાઈ રબારીના મકાનમાં મુળ વતન મહારાજ નયા ટોલ થાના તેલજાડી સાહેબગજ ઝારખંડ), અમિત કુમાર ભોલટન ચૌધરી (ઉં.૨૨ અમરાઈવાડી રબારી કોલોની ગેટ નં.૨ મુળ રહે. મહારાજ નયાટોલા કલ્યાણી થાના તેલજાડી જી.સાહેબગજ ઝારખંડ) અને કરણકુમાર પુરણ મહંતો (ઉં.૨૧ રહે રબારી કોલોની ) પાસેથી કબ્જે કરવામાં આવ્યો છે.જયારે પ્રવિણભાઈનો મોબાઈલ ચોરી થયો હતો તે સમયે જ અન્ય રાજપુત જશવંતસિંહ શીવાજીનો પણ વન પ્લસ મોબાઈલ આરોપીઓએ ચોરી કરી લીધો હોવાની વાત જાણવા મળી હતી. જેથી ગત તા.૫ એપ્રિલના રોજ સવારના સમયે એસટી ડેપોમાંથી બે ચોરી થયેલા મોબાઈલ સાથે પાંચ શખ્સો અમરાઈવાડી પોલીસે પકડી પાડતા વડીલે સેકટર-૭પોલીસ મથકે પાંચ શખ્સો સામે ગુનો નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. જયારે શહેરના એસટી ડેપોમાં છેલ્લા કેટલાક મહિનાથી મોબાઈલ ચોર શખ્સોએ આતંક મચાવ્યો છે. ડેપોમાંથી આંતરે દિવસે મુસાફરોના મોબાઈલ અને ખીસ્સા હળવા થાય છે.



શ્રીમદ્ ભાગવત કથાનુ આયોજન સેક્ટર-૬ ચંદ્ર મૌલેશ્વર મહાદેવ મંદિર ખાતે કરવામાં આવ્યુ છે. શ્રીમદ્ ભાગવત કથાની પોથીયાત્રા બ્લોક નં. ૪૬/૨, ભગવતીકૃપા સોસાયટી, સેક્ટર-૬ ખાતેથી નીકળશે. હાર્દિકભાઈ જોષીની વ્યાસપીઠ પર ૨૭મી સુધી કથા ચાલશે. યજમાનપદે શાસ્ત્રી અલ્પેશકુમાર રાવલ અને હેમરાજભાઈ પાડલીયાએ ભાવિકોને નિમંત્રણ પાઠવ્યુ છે.

## ચિલોડા મંડળી ખાતે ગાંધીનગર અને દહેગામ તાલુકાના સહકારી મંડળીના મંત્રીઓનો શૈક્ષણિક સેમિનાર યોજાયો




ગાંધીનગર,તા.૨૦

તારીખ ૨૦ મી એપ્રિલ ના રોજ કે ચિલોડા સેવા સહકારી મંડળી લિમિટેડ ના હોલમાં ધી ડિસ્ટ્રિક્ટ ઓપરેટિવ બેક્ક દ્વારા ગાંધીનગર જિલ્લા ગાંધીનગર તથા જિલ્લાના જિલ્લા રજીસ્ટાર સી દષ્ટિબેન સોની તથા સંયુક્ત રજીસ્ટ્રાર શ્રી ધિરાણ અને ત્રિવેદી સાહેબ તથા સંયુક્ત રજીસ્ટર શ્રી સુનિલભાઈ ચૌધરી તથા એડીસી બેંકના ડી .જી .એમ બાપોદરીયાય સાહેબબની અદયક્ષતા માં ગાંધીનગર તાલુકા તેમજ દહેગામ તાલુકાના સેવા સરકારી મંડળીના સેક્રેટરીઓ ભાઈ બહેનો ભાઈઓ ની શૈક્ષણિક સેમિનાર રાખવામાં આવ્યો હતો જેમાં સરકાર લક્ષી રૂપરેખા ની માહિતી આપવામાં આવી તમામ મંડળીઓએ પોતાના મકાન માટે જમીન ખરીદી કરે પોતાના ગોડાઉન ઉભા કરે તથા સસ્તા અનાજ ની દુકાન ચલાવેતેમજ કોમન સર્વિસ સેન્ટર ઉભા કરે તેવી માહિતી અને માર્ગદર્શન મંત્રીઓ પોતાના ઉપર પગભર થાય તેમ જ સભાસદોને જરૂરિયાતો પૂરેપૂરી સંતોષાય તેવું વાતાવરણ ઊભું કરવા આહવાન કયુ હતું આ પ્રસંગે સહકારી આગેવાન કોદરભાઈ પટેલ ચેરમેન શ્રી કારોબારી સભ્યો મંત્રીઓ સરપંચ જયમીનપટેલ વગેરે મહાનુભાવો એ જિલ્લા જિલ્લા રજીસ્ટાર શ્રી અધિકારીઓનું શાલ બુકે મોમેન્ટોથીસ્વાગત કર્યુ હતું આ સેમિનારમાં ૮૫ મંડળીઓના સેક્રેટરીઓ હાજર રહ્યા હતા.

અંતમાં જિલ્લા અધિકારીઓ અને મંત્રીઓ ઓએ પ્રશ્નોત્તરી દ્વારા પ્રશ્નોનુ નિરાકરણ લાવવા સૌનો સાથ સૌનો વિકાસ ના મંત્ર ને સાર્થક કરવા સાથ સહકાર થી આત્મનિર્ભર બનવા આત્મ વિશ્વાસ કેળવવા દ્દઢ સંકલ્પ રાખવા કટી બદ્ધતા દર્શાવી હતી

## મહુન્દ્રા ગામે ગામતળના મકાનના પ્રોપર્ટી કાર્ડની વહેંચણી કરાઈ

**સિનિયર સર્વેયર તથા હક્ક ચોકસી અધિકારી, સરપંચ તથા તલાટી કમ મંત્રી હાજર રહ્યા**



ગાંધીનગર,તા. ૨૦

ગાંધીનગર તાલુકાના મહુન્દ્રા ગામ પંચાયત કચેરી ખાતે ગામ તળના મકાનોની પોપટ્ટી કાર્ડ ની વહેચણી ની કામગીરીમાં સિનિયર સવેયર અધિકારી શ્રી એલ.ડી ચૌધરી સાહેબ ગામના સરપંચ નરેન્દ્રસિંહ સોલંકી તથા તલાટી કમ મંત્રી તેમજ ગામના નાગરિકોને ગામ તળના મકાનો ના પોપટ્ટી કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું જેમાં ગામના દરેક લોકો હાજર રહ્યા હતા

## મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયાનો આત્મીય અભિગમ

**સેક્ટર- ૩ ખાતે કાર્યરત આંગણવાડી કેન્દ્રની મુલાકાત કરી સુવિધાઓનું કર્યું નિરીક્ષણ : આંગણવાડીના ભૂલકાઓને માતાની જેમ ભોજન જમાડી આંગણવાડીના બહેનો સાથે કર્યો પરામર્શ**

ગાંધીનગર,તા.૨૦

રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયાએ આત્મીય અભિગમ દાખવીને ગાંધીનગરના સેક્ટર ૩ ખાતે કાર્યરત આંગણવાડી કેન્દ્રની મુલાકાત કરીને આંગણવાડી ખાતે ઉપલબ્ધ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. મંત્રી શ્રીએ ભૂલકાઓને એક માતાની જેમ પોતાના હાથે ભોજન જમાડ્યું હતું. મંત્રી શ્રીએ આંગણવાડી કેન્દ્રના ભૂલકાઓની સાથે સમય વિતાવ્યો હતો. આંગણવાડીના કાર્યકર તેડાગર બહેનો સાથે પણ આહાર તેમજ અને સુવિધા સંબંધી પરામર્શ કર્યો હતો.મંત્રી શ્રીમતી બાબરીયાએ ઉમેર્યુ હતુ કે, રાજ્યના ભુલકાઓને પાયાનું શિક્ષણ મળી રહે અને બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે માટે રાજ્યના ૩ થી ૬ વર્ષના બાળકો માટે રાજ્યભરમાં ૫૩૦૨૯ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ બાળકોને શિક્ષણની સાથે તેમનું આરોગ્ય પણ સ્વસ્થય રહે તે માટેનું સમયબદ્ધ આયોજન કરવામાં આવ્યું છે. આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને રમતની સાથે સાથે જ્ઞાન પણ આપવામાં આવે છે. આંગણવાડી કેન્દ્રોના નિર્માણ, અપગ્રેડેશન અને સુવિધાઓ વધારવા માટે આ વર્ષના અંદાજપત્રમાં રૂ.૨૬૮ કરોડની જોગવાઈ પણ કરવામાં આવી છે.

તેમણે ઉમેર્યુ હતું કે, ભણતરની સાથે બાળકોને યોગ્ય પોષણયુક્ત આહાર મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનાં?સહી પોષણ દેશ રોશન''નાં આહવાનને ચરિતાર્થ કરવા રાજ્યની સંવેદનશીલ સરકાર કટીબદ્ધ છે. બાળકોનાં સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા પૂરક પોષણ યોજના અંતર્ગત ૩ થી ૬ વર્ષના બાળકો માટે આંગણવાડી કેન્દ્રોમાં ૧૪ લાખથી વધુ બાળકોને બે વખત ગરમ નાસ્તો અને અઠવાડિયામાં બે દિવસ ફળ અપાય છે.

રાજ્યના ૪૦ લાખથી વધુ ૬ માસથી ૩ વર્ષના નાના બાળકો અને ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકો, કિશોરીઓ સર્ગભા અને ધાત્રી માતાઓ માટે ઘરે આપવા માટે રેડી ટુ કુક ટેક હોમ રાશન આપવામાં આવે છે.